વલસાડ નગરપાલિકાના પ્રમુખશ્રીની તથા ઉપ–પ્રમુખશ્રીની ચુંટણી માટેની મીટીંગ નગરપાલિકાના" અટલબિહારી વાજપાઈ " સભાખંડમાં તા.:૨૪–૦૮–૨૦૨૦ ના રોજ સાંજે.: ૧૬.૦૦ કલાકે મળેલ સભાની કાર્યનોંધ...

---

માનનીય મે.કલેકટરશ્રી,વલસાડના પત્ર ક્રમાંક નં.ચટણ / સ્થા.સ્વ.ચું / નગરપાલિકા ન.પા./ પ્ર.ઉપ્ર./ વશી.૩૧૯૨ થી ૩૧૯૩ /૨૦૨૦, તા.:૧૧/૦૮/૨૦૨૦ ના આદેશ (નોટીસ )અનુસાર વલસાડ નગરપાલિકાની આજ રોજ તા.:૨૪–૦૮–૨૦૨૦ ના રોજ ૧૬.૦૦ કલાકે પ્રમુખશ્રી તથા ઉપ–પ્રમુખશ્રીની ચુંટણીના કામે નાયબ કલેકટરશ્રી, વલસાડ (પ્રાંતઅધિકારીશ્રી)ના અધ્યક્ષ સ્થાને નગર સેવા સદન વલસાડના" અટલબિહારી વાજપાઈ " સભાખંડમાં સભા મળેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ છે.

| | |
|---|---|
| ૧. | ટંડેલ નિમિષાબેન ગીરિશકુમાર |
| ૨ | પાનવાલા વર્ષાબેન અમિતકુમાર |
| ૩ | રાઠોડ રાજેશભાઈ દશરથભાઈ |
| ૪ | પટેલ ઉજેશકુમાર ઈશ્વરભાઈ |
| ૫ | પટેલ છાયાબેન ઉમેશભાઈ |
| ૬ | પટેલ ઉર્વશી રાજેશભાઈ |
| ૭ | પટેલ રાજેશ મંગુભાઈ |
| ૮ | રાણા હિતેશ સુરેશભાઈ |
| ૯ | પટેલ દિવ્યા કલ્પેશભાઈ |
| ૧૦ | રાણા મહેમુદા ઈસ્માઈલભાઈ |
| ૧૧ | વાડીવાલા મહેન્દ્રભાઈ ભગુભાઈ |
| ૧૨ | દેસાઈ ગિરીશભાઈ ભગવાનજીભાઈ |
| ૧૩ | રાજાણે ચેતનાબેન રાકેશભાઈ |
| ૧૪ | પટેલ વિજય સહદેવભાઈ |
| ૧૫ | ચૌહાણ સંજય દશરથરાવ |
| ૧૬ | પટેલ મનિષા વિજય |
| ૧૭ | ભંડારી કિરણભાઈ પરભુભાઈ |
| ૧૮ | ભાનુશાલી પ્રવિણભાઈ પરસોતમ |

| | |
|---|---|
| ૧૯ | પટેલ ભારતીબેન મનોજ |
| ૨૦ | સોલંકી સોનલ તેજસભાઈ |
| ૨૧ | માળી યશેષ જયસુખભાઈ |
| ૨૨ | પટેલ બાલકૃષ્ણ જીવરાજભાઈ |
| ૨૩ | શેખ સબીના સાજીદ |
| ૨૪ | શેખ નઝમા અમીર |
| ૨૫ | પટેલ રમેશભાઈ મંગળદાસ |
| ૨૬ | દેસાઈ ઉર્મિ આશિષકુમાર |
| ૨૭ | પટેલ જેષ્ટીકા દર્શન |
| ૨૮ | પટેલ ધર્મેશભાઈ અરવિંદભાઈ |
| ૨૯ | આહીર પંકજ ઠાકોરભાઈ |
| ૩૦ | આહીર રૂષિકાકુમારી પ્રિયંકકુમાર |
| ૩૧ | ઓઝા ર્ડા. પુષ્પાબેન રામજોર |
| ૩૨ | પટેલ ભરતભાઈ છોટુભાઈ |
| ૩૩ | વશી નિતેશભાઈ મહાદેવભાઈ |
| ૩૪ | પટેલ સોનલબેન કિશોરભાઈ |
| ૩૫ | પટેલ કિન્નરીબેન અમિષભાઈ |
| ૩૬ | પટેલ ધર્મેશભાઈ અરૂણભાઈ |
| ૩૭ | પટેલ પ્રવિણભાઈ સોમાભાઈ |
| ૩૮ | પટેલ હેતલકુમારી જયેશભાઈ |
| ૩૯ | પટેલ પ્રવિણાબેન સુનીલભાઈ |
| ૪૦ | પઠાણ મહેબુબ ગુલશેરખાન |
| ૪૧ | મહાકાલ રવિન્દ્ર રામચંદ્રભાઈ |

સભાની શરૂઆત વંદે માતરમથી શરૂ કરવામાં આવી.

" વલસાડ નગરપાલિકામાં આગામી અઢી વર્ષની મુદત " માટે પ્રમુખશ્રી અને ઉપ–પ્રમુખશ્રીની ચુંટણીના કામે બોલાવવામાં આવેલ સામાન્ય સભામાં આપ સૌને આવકારી બેઠકની કાર્યવાહી શરૂ કરી.

કામ નંબર.:૧.

વિષય.: વલસાડ નગરપાલિકાના પ્રમુખશ્રીની ચુંટણી કરવા બાબત..

ગુજરાત નગરપાલિકા અધિનિયમ – ૧૯૬૩ ની કલમ–૩૩(૧)(ક) (સુધારા)ની જોગવાઈ મુજબ પ્રમુખશ્રી / ઉપપ્રમુખશ્રીના હોદ્દાની મુદત અઢી વર્ષ અથવા નગરપાલિકાની મુદત ચાલુ રહે ત્યાં સુધી રહેશે. ગુજરાત નગરપાલિકા ( પ્રમુખ માટે અનામત ) (સુધારા) નિયમો–૨૦૦૬,તથા સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક.: કેવી ૨૪ ઓફ ૨૦૧૫ – એનપીએલ – ૪૫૧૩ – ૧૦૩ – એમ તા.૧૪/૦૮/૨૦૧૫ની જોગવાઈ મુજબ રોસ્ટર પોઈન્ટ–૩ પ્રમુખ તરીકે " અનુસૂચિત આદિજાતિ સ્ત્રી" ( ST Woman) વર્ગના ચુંટાયેલા સભ્યશ્રીઓમાંથી પ્રમુખની ચુંટણી કરવાની રહેશે તે બાબતની જાહેરાત કરવામાં આવી.

" વલસાડ નગરપાલિકાના પ્રમુખશ્રી તરીકેની અઢી વર્ષની પદાવધિ માટે " ચુંટાયેલા સભ્યોમાંથી દરખાસ્ત મુકવા જણાવ્યું. આ કામે નિયમોનુસારની જોગવાઈ અનુસાર ચુંટણી કરવા માટે ૧૫ મીનીટમાં ઉમેદવારી પત્રો રજુ કરવા માટે પ્રમુખ અધિકારી તરફથી જાહેરાત કરવામાં આવી. આ જાહેરાતના સંદર્ભમાં નીચે જણાવ્યા મુજબ દરખાસ્ત રજુ કરવામાં આવી. દરખાસ્ત સમયસર હોય, દરખાસ્ત માન્ય રાખવામાં આવી જેની વિગત નીચે મુજબ છે. ( ભારતીય જનતા પાર્ટી વલસાડ જિલ્લા તરફથી મેન્ડેટ (વ્હીપ) રજુ કરવામાં આવ્યું.

દરખાસ્ત નંબર.: ૧

(૧) જેમના નામની દરખાસ્ત થઈ હોય તેનું નામ.: પટેલ કિન્નરીબેન અમિષભાઈ.

(૨) દરખાસ્ત કરનાર.: સોલંકી સોનલ તેજસભાઈ.

(૩) ટેકો આપનાર.:પટેલ ભરતભાઈ છોટુભાઈ.

ઉપર જણાવેલ દરખાસ્ત નં.–૧(એક)ના કામે નિયમોનુસારની ચુંટણીની કામગીરી હાથ ધરવામાં આવી.હાજર સભ્યશ્રીઓમાંથી અન્ય કોઈ બીજી દરખાસ્ત રજુ થયેલ ન હોય, ઉમેદવારશ્રી પટેલ કિન્નરીબેન અમિષભાઈને પ્રમુખ તરીકે બીનહરીફ ચુંટાયેલા જાહેર કરવામાં આવે છે.

સભ્યશ્રી નીતેશભાઈ મહાદેવભાઈ વશી તરફથી ટેકનીકલ મુદ્દો રજુ કરતાં જણાવ્યું કે, આ સભ્યશ્રી સામાન્ય બેઠક ઉપર ચુંટાયેલ છે. તો શું તેઓ અનુસૂચિત જન જાતિની બેઠક ઉપર ઉમેદવારી કરી શકે કે કેમ ?

પ્રમુખ અધિકારીશ્રીએ જણાવ્યું કે, સદર સભ્યશ્રી ભલે સામાન્ય બેઠક ઉપર ચુંટાયેલ છે. પરંતુ તેઓએ ઉમેદવારી ફોર્મ સાથે અનુસુચિત જનજાતિનું પ્રમાણપત્ર રજુ કરેલ હોય, તેઓ ઉમેદવારી કરી શકે છે.

ઉપર મુજબ પ્રમુખશ્રીની ચુંટણીની કાર્યવાહી પૂર્ણ થયા બાદ ઉપ–પ્રમુખની ચુંટણીની કામગીરી હાથ પર લેવામાં આવી.

<u>કામ નંબર.:૨.</u>

<u>વિષય.:</u> વલસાડ નગરપાલિકાના ઉપ–પ્રમુખશ્રીની ચુંટણી કરવા બાબત..

આ કામે નિયમોનુસારની જોગવાઈ અનુસાર અધ્યક્ષશ્રી ધ્વારા નગરપાલિકાના ઉપ–પ્રમુખના હોદ્દાની મુદત માટે ગુજરાત ગેઝેટ–૪–૫–૨૦૧૧ નો ગુજરાત અધિનિયમ ક્રમાંક.: ૨૧(૭) નગરપાલિકા અધિનિયમમાં કલમ–૩૩મા પેટા કલમ–(૧)નેબદલે નીચેની પેટા કલમ મુકી સને ૧૯૬૩ ના ગુજરાતના ૩૪મા અધિનિયમની કલમ–૩૩નો સુધારો એમાં(૧) (ક) થી " નગરપાલિકાના ઉપ–પ્રમુખના હોદ્દાની મુદત અઢી વર્ષ અથવા નગરપાલિકાની મુદત ચાલુ રહે ત્યાં સુધી રહેશે." અને તે અંગેની જાણ કરતી જાહેરાત સમગ્ર સભામાં કરી. જે ઉમેદવાર ઉપપ્રમુખ તરીકે ઉમેદવારી કરવા માંગતા હોય તેમણે અત્રેથી ઉમેદવારી ફોર્મ મેળવી ૧૫ મીનીટમાં ભરીને રજુ કરવાનું રહેશે.

મુદત દરમ્યાન એક ઉમેદવારી પત્ર રજુ થયેલ છે. જેની વિગત નીચે મુજબ છે. (ભારતીય જનતા પાર્ટી વલસાડ જિલ્લા તરફથી મેન્ડેટ (વ્હીપ) રજુ કરવામાં આવ્યું.)

<u>દરખાસ્ત નંબર.: ૧</u>

(૧) જેમના નામની દરખાસ્ત થઈ હોય તેનું નામ.: ભંડારી કિરણભાઈ પરભુભાઈ.

(૨) દરખાસ્ત કરનાર.: દેસાઈ ઉર્મિ આશિષકુમાર.

(૩) ટેકો આપનાર.: પટેલ પ્રવિણભાઈ સોમાભાઈ.

ઉપર જણાવેલ દરખાસ્ત નં.–૧(એક)ના કામે નિયમોનુસારની ચુંટણીની કામગીરી હાથ ધરવામાં આવી.હાજર સભ્યશ્રીઓમાંથી અન્ય કોઈ બીજી દરખાસ્ત રજુ થયેલ ન હોય, ઉમેદવારશ્રી ભંડારી કિરણભાઈ પરભુભાઈ ને ઉપપ્રમુખ તરીકે બીનહરીફ ચુંટાયેલા જાહેર કરવામાં આવે છે.

ઉપર મુજબ પ્રમુખશ્રી તથા ઉપ–પ્રમુખશ્રીની ચુંટણીની કાર્યવાહી પૂર્ણ થયેથી હાજર રહેલા સભ્યશ્રીઓ તથા પત્રકાર મિત્રોનો આભાર માની રાષ્ટ્રગીત " જન ગણ મનથી." સભા પૂર્ણ કરવામાં આવી.

( વિનેશકુમાર બાગુલ )
અધ્યક્ષ,
વલસાડ નગરપાલિકા
અને
નાયબ કલેકટર અને પ્રાંત અધિકારી,
વલસાડ.

સ્થળ.: વલસાડ.
તા.: ૨૪/૦૮/૨૦૨૦